અનુદાન વગરની બિન સરકારી માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વ્યવસ્થાપન નીતિ નક્કી કરવા બાબત.

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, નવસારી જિલ્લો, નવસારી
આવક નંબર ૨૭૯૧
તા. 11/11/16
શાખા મા-૨
હેડ ક્લાર્ક
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
નવસારી, જિ. નવસારી.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૧૬-૭૦૨-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૭ - ૭ -૨૦૧૬

**વંચાણે લીધા:-**

૧. શિક્ષણ વિભાગનો તારીખ ૩૧-૦૧-૧૯૯૭નો ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૨૯૫-ઈએમઆર-૬૩-ગ.૧
૨. શિક્ષણ વિભાગનો તારીખ ૨૮-૦૮-૧૯૯૮નો ઠરાવ ક્રમાંક : ઉમશ-૧૨૯૫-ઈએમઆર-૬૩-ગ.૧
૩. શિક્ષણ વિભાગનો તારીખ ૦૧-૦૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૧૧-૧૧૭૩-ગ.
૪. શિક્ષણ વિભાગનો તારીખ ૦૧-૦૭-૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : બમશ-૧૧૧૬-૭૦૨-ગ.

**આ મુ ખ : :**

રાજ્યમાં અનુદાન વગરની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ) ને મંજુરી આપવા અંગેની નીતિ જુન-૧૯૯૩થી અમલમાં મૂકવામાં આવી છે.

રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિસ્તાર અને વિકાસ માટે અનુદાન વગરની સ્વનિર્ભર શાળાઓને સ્વાયત્તતા આપવી જરૂરી હોય તારીખ ૦૧-૦૭-૨૦૧૧ના ઠરાવથી આદર્શ આચારસંહિતાની બાબત નક્કી કરી આદર્શ આચારસંહિતાના ભંગ બાબતની કાર્યવાહી અંગે જરૂરી જોગવાઈઓ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વ્યવસ્થા અમલમાં હોવા છતાં કેટલાક શાળા સંચાલકો દ્વારા સ્વાયત્તતાનો દુરુપયોગ કરી વ્યાજબી કારણો વગર ફી વધારો કરવો, શાળાના વિકાસના નામે વાલીઓ પાસેથી દાનની માગણી કરવી, ક્યારેક શૈક્ષણિક વર્ષ દરમ્યાન પણ કેટલીક સ્વનિર્ભર શાળાઓ દ્વારા અસહ્ય ફી વધારો કર્યો હોવાની તેમજ અલગ અલગ કારણો દર્શાવીને અલગ અલગ પ્રકારની ફી ઉઘરાવતા હોવાની ફરિયાદો રાજ્ય સરકારને મળે છે.

આદર્શ આચારસંહિતાના અમલ માટે રાજ્ય સરકારશ્રીએ આપેલ સૂચનાઓ અમલમાં હોવા છતાં ફરિયાદો મળે છે ત્યારે જાહેર હિતમાં ઉપરોક્ત વ્યવસ્થામાં ફેરફાર કરવાનું રાજ્ય સરકારને આવશ્યક જણાતાં વિભાગના ક્રમ ૪ સામે દર્શાવેલ તા. ૧૬/૭/૨૦૧૬ ના ઠરાવથી જરૂરી ફેરફાર કરી જિલ્લાકક્ષાની સમિતિનું ગઠન કરવામાં આવેલ છે. જે સમિતિ ફી વધારાની યોગ્યતાની ચકાસણી, કોઈ કારણસર ડોનેશન ઉઘરાવેલ હોય કે અન્ય નાણાકીય લાભની તપાસ, સ્કૂલ દ્વારા ગેરરીતિ આચરવામાં આવતી હોય અથવા તો અસહ્ય ફી વધારો અગર ડોનેશન ઉઘરાવવામાં આવતું હોય તેવા કેસોમાં તપાસ, કેટલાક કેસોમાં કેટલીક સ્કૂલો દ્વારા આપેલ એડમીશન સમયે જે ફી વસુલ કરવામાં આવી હોય છે એવા કેસોમાં જો વિદ્યાર્થી દ્વારા શાળા બદલવામાં આવે તો રીઝનેબલ કપાત કર્યા બાદ બાકીની